Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

જેને જેની ચાહના, રુચિ તેની હોય;
કડવાને મીઠું ગણે, મીઠું કડવું જોય.

જે મનુષ્યને જે વસ્તુની ચાહના થાય છે તે વસ્તુ ઉપર તેને રુચિ અથવા ભાવ થાય છે; તેથી કડવી વસ્તુ ઉપર ભાવ હોય તો તે કડવી છતાં મીઠી ગણે છે અને મીઠી વસ્તુ ઉપર રુચિ નથી તો તે કડવી અને અણગમતી થઇ પડે છે. તેમ વિષનો કીડો અમૃતનો મહિમા જાણતો નથી તેથી અમૃતની ચાહના તેને થતી નથી અને ચાહના થયા વિના અમૃત મેળવવા યત્ન કરાતો નથી, તેવી રીતે જેઓ અજ્ઞાની છે તેઓ સંતોષનો મહિમા જાણી શકતા નથી તેથી તેના ઉપર ચાહના થતી નથી અને ચાહના થતી નથી તેથી ઉદ્યમ કરવાનું સૂઝતું નથી; કેમકે કામાદિ વિષયનો જન્મ-જન્મને વિષે અનુભવ કર્યો છે તેથી વિષયવાસનાને લીધે એનું અંતઃકરણ દૃઢ વાસનાવાળું થઇ જાય છે. તેથી જ કરીને વિષયની ચાહનાને લીધે વિષયનો જ ઉદ્યમ કર્યા કરે છે.

'સંતોષ સુરતરુ'માંથી

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૭.

વૈશાખ
૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | सुभाषित | | ૯૩ |
| ૨ | દર્પણ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર) | ૯૪ |
| ૩ | ચૈત્યવંદન ચતુર્વિશતિકા–સાનુવાદ | (પં. શ્રી સુશીલવિજયજી ગણિ) | ૯૫ |
| ૪ | અણુમૂલ વારસાની વિષમ દશા ! | (શ્રી મોહનલાલ દી. ચોકસી) | ૯૭ |
| ૫ | જૈન સાહિત્યનો ઇતિહાસ | (અનુ. કા. જે. દોશી) | ૯૯ |
| ૬ | મુક્તિસંબંધી જીવો | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૦૧ |
| ૭ | સદિચ્છા મેળવો ! | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૦૨ |
| ૮ | ગુરુગમ | (શ્રી પાદરાકર) | ૧૦૫ |
| ૯ | શ્રી સિદ્ધાચળજીનો છ'રી' પાળતો સંઘ | | ૧૦૬ |
| ૧૦ | પ્રો. જ્યોર્જ અને અનેકાંતવાદનું મૂલ્યાંકન | | ૧૦૭ |



## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩ )

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ–સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઇ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાચન–મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮–૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ).

## કથાદીપ

લેખક : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

તત્ત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી( ચિત્રભાનુ )ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કેઃ—

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ ) ગ્રંથરત્નો આજે જ મંગાવો.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૭મું ] સં. ૨૦૧૫ વૈશાખ તા. ૧૫-૫-૫૯ [ અંક ૭ મો

## सुभाषित

**उपार्जितानामर्थानां त्याग एव हि रक्षणम् ।**
**तडागोदरसंस्थानां परीवाह इवाम्भसाम् ॥**

જાતે રળેલ નાણાંનો ત્યાગ સાચો બચાવ છે;
ભર્યાં તળાવનાં પાણી આપમેળે જવાં વહી.

પાણી આકૃતિએ પ્રવાહી છે, જ્યારે પૈસો તેના ગુણે. મનુષ્ય ગમે એટલું ઇચ્છે છતાં ભરેલા તળાવમાં વધુ પાણી તે ભરી શકવાનો નથી, તેવી જ રીતે મનુષ્ય પોતે ઇચ્છે એટલો વધુ ને વધુ પૈસાનો સંઘરો કરી શક્તો નથી. તળાવ પરનો વધારે પાણીનો મારો એ જેમ તેની પાળ તોડીને પાણીને ખુટાડવાનું કામ કરે છે તેમ પૈસાનો વધારે ને વધારે સંઘરો એ પૈસાને ઓછો કરવામાં જ સહાયક બને છે. કુશળ વ્યાપારી જાણતો હોય છે કે પૈસો વહેતો રાખવાથી વધે છે અને સંઘરવાથી ઘટે છે. કોઈએ યથાર્થ કહ્યું છે કે–

**दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।**
**यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥**

દાન, ભોગ અને નાશ–ધનની આ ત્રણ ગતિઓ છે. જે ધન દાનમાં અપાતું નથી કે ભોગવાતું નથી તેની ત્રીજી ગતિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દર્પણ

( શિખરિણી )

ઉઠી પ્રાતઃકાલે વદન નિરખે દર્પણ વિષે
કરી ચાળા ચોજે અલક* નિરખી મસ્તક વિષે
ભુંશી નાખે હાથે વદન પરની જે મલિનતા
નથી દીઠી પોતે નિજ શરીર અંતર્મલિનતા. ૧

ભર્યાં છે તારામાં અખિલ જગના દોષ ઉભર્યાં
સદા થાતા દીસે ક્ષણુ ક્ષણુ વિષે પાતક ભર્યાં
ઉઘાડીને જો તું નિજ શરીર અંતર્નયનને
તદા તું ધ્રૂજીને રડીશ નિજ કર્મો નિરખીને. ૨

પ્રભુના આદર્શો કૃતિ અમર સંપૂર્ણ કરણી
તપાસી તું જોજે નિજ વદન એ દર્પણુ ગણી
પછી દેખાશે ત્યાં અમિત નિજ દોષો કૃતિતણા
ઘણા દેખાશે ત્યાં મલિન અતિ ડાઘો નિજ તણા. ૩

સુખેથી ભૂંસાએ મલિન સહુ ડાઘો શરીરના
પરંતુ આત્માના કદી નવ ભુંસાએ સહજમાં
ભુંસાવા આત્માના તપ બહુલ ને સંયમ કરો
થશે આત્મા તેથી વિમલ બહુ સર્વે અઘ હરો. ૪

તમો શોધો એવું વિમલ પ્રભુનું દર્પણુ હવે
જુઓ એમાં આત્મા મનનયન ખોલી નિજ હવે
કરો આત્મા શુદ્ધિ પણુ નહીં જ એકાંત તનુની
થશે તેથી સાચી ભવસફલતા માનવતણી. ૫

દિસે બાહ્ય સ્થૂલ પ્રકૃતિ જડ તે દર્પણુ વિષે
દિસે અંતર્નેત્રે સ્વરૂપ નિજનું સત્ય સહજે
ઉઘાડો તે માટે નિજ નયન આત્મીય સુખદા
સુણી બાલેન્દુની વિનયયુત વાણી મન મુદા. ૬

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'
માલેગામ

* વાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( ગતાંક પૃષ્ઠ ૮૩ થી ચાલુ )

## त्रयोदशतीर्थंकर

## श्रीविमलनाथजिनेन्द्र-चैत्यवन्दनम् [१३]

( मन्दाक्रान्ता-छन्दः )

संसारेऽस्मिन् महति महिमाऽमेयमानन्दिरूपं,
त्वां सर्वज्ञं सकलसुकृतिश्रेणिसंसेव्यमानम् ।
दृष्ट्वा सम्यग् विमलसदसज्ज्ञानधीम ! प्रधानं,
संप्राप्तोऽहं प्रशमसुखदं संभृतानन्दवीचिम् ॥ १ ॥

સમ્યગ અને નિર્મલ સદ્ અને અસદ્ પદાર્થજ્ઞાનના ધામસ્વરૂપ એવા હે વિમલનાથ વિભુ ! મહાન્ આ સંસારમાં અમેય મહિમાવાળા, આનન્દયુક્ત સ્વરૂપવાળા, સર્વજ્ઞ-સર્વવસ્તુને જાણનારા, સકલ ઉત્તમ પંડિતોની અને પુણ્યશાળીઓની શ્રેણીથી સેવાતા, અને ઉત્તમ એવા આપને જોઇને હું પ્રશમસુખને આપનાર નિશ્ચળ આનંદના કલ્લોલને પામ્યો છું. (૧)

ये तु स्वामिन् ! कुमतिपिहितस्फारसद्बोधमूढाः,
सौम्याकारां प्रतिकृतिमपि नेक्ष्यते विश्वपूज्याम् ।
द्वेषोद्भूतेः कलुषितमनोवृत्तयः स्युः प्रकामं,
मन्ये तेषां गतशुभदृशां का गतिर्भाविनीति ॥ २ ॥

હે સ્વામિન્ ! કુમતિથી ઢંકાએલ જે ઉત્તમ સદ્બોધ તેથી મૂઢ બનેલા જે જીવો, સૌમ્ય આકારવાળી અને વિશ્વપૂજ્ય આપની પ્રતિમાને જોઇને દ્વેષના પ્રાદુર્ભાવથી અત્યંત કલુષિત મનો-વૃત્તિવાળા થાય છે તેવા શુભદૃષ્ટિ રહિત જીવોની કઇ ગતિ થશે ? તે મને વિચાર આવે છે. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्यामासूनो ! प्रतिदिनमनुस्मृत्य विज्ञानिवाक्यं,
हित्वाऽनार्यं कुमतिवचनं ये भुवि प्राणभाजः ।
पूर्णानन्दोल्लसितहृदयास्त्वां समाराधयन्ति,
श्लाघ्याचाराः प्रकृतिसुभगाः सन्ति धन्यास्त एव ॥ ३ ॥

હે શ્યામાદેવીના નંદન ! સર્વદા વિશ્વમાં જે પ્રાણીઓ ઉત્તમ જ્ઞાનીના વાક્યને યાદ રાખીને અને અનાદિ એવા કુમતિના વચનને છોડીને પૂર્ણાનંદથી ઉલ્લસિત હૃદયવાળા થયા છતાં આપને આરાધે છે, તેજ પ્રશંસનીય આચારવાળા, પ્રકૃતિથી સુંદર અને ધન્યવાદને લાયક છે. (૩)

## चतुर्दशतीर्थङ्कर

## श्रीअनन्तनाथजिनेन्द्र–चैत्यवन्दनम् [१४]

( स्रग्विणी–छन्दः )

यस्य भव्यात्मनो दिव्यचेतोगृहे, सर्वदाऽनन्तचिन्तामणिर्द्योतते ।
यान्ति दूरे स्वतस्तस्य दुष्टापदो, विश्वविज्ञानवित्तं भवेदक्षयम् ॥ १ ॥

જે ભવ્ય પ્રાણીના મનોહર મનમંદિરમાં હમ્મેશાં અનન્તનાથ ભગવાનરૂપી ચિન્તામણિ પ્રકાશે છે, તેની દુષ્ટ આપત્તિઓ પોતાની મેળે દૂર ચાલી જાય છે, અને અક્ષય એવા વિશ્વના વિજ્ઞાનરૂપી ધનનો પ્રાદુર્ભાવ થાય છે. (૧)

यस्तु सर्वज्ञरूपं स्वरूपस्थितं, वीक्ष्य सद्भावतः सिंहसेनात्मजम् ।
अद्भुताऽऽमोदसन्दोहसम्पूरितो, मन्यते धन्यमात्मीयनेत्रद्वयम् ॥ २ ॥

સર્વજ્ઞ સ્વરૂપવાળા, આત્મરમણુતામાં રહેલા, સિંહસેન રાજાના પુત્ર એવા અનન્તનાથ ભગવાનને જોઇને, અદ્ભુત આનન્દના સમૂહથી ભરેલો જે પોતાના નયનયુગલને ધન્યવાદને લાયક માને છે. (૨)

सोऽपवर्गानुगामिस्वभावोज्ज्वलां, व्यूढमिथ्यात्वविद्रावणे तत्पराम् ॥
बन्धुरात्मानुभूतिप्रकाशोद्यतां, शुद्धसम्यक्त्वसम्पत्तिमवलम्बते ॥ ३ ॥

તે મોક્ષને અનુસારી સ્વભાવથી ઉજ્વલ, ગાઢ મિથ્યાત્વને વિનાશ કરવામાં તત્પર અને મનોહર આત્માના અનુભવને પ્રકાશ કરવામાં ઉદ્યત એવી શુદ્ધ સમ્યક્ત્વની સંપત્તિને પામે છે. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અણમૂલ વારસાની વિષમ દશા !!

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

કાપરડાજી–લગભગ પાંચેક માઈલ દૂરથી જેનું શિખર નયનપથમાં આવે છે એવું આ રમણિય દેવાલય નાનકડા ગામના એકાંત ભાગે ઊભું છે. વહીવટકર્તાઓ તરફથી અગાઉ આ દેવાલયના ચિત્રો પ્રગટ કરાયેલ એટલે જૈન સમાજનો મોટો ભાગ નામથી અજાણ તો ન જ હોય. વળી એક બીજી પણ વિશિષ્ટતા છે અને તે મૂળનાયક તરીકે ચૌમુખજીની પ્રતિમાઓ વિરાજમાન છે તે. રાણકપુરજીમાં પણ ચૌમુખજી જ છે પણ તે ત્રણ માળ સુધી જ્યારે આ પ્રાસાદ ચાર માળનો હોઈ, એ ચારેમાં ચૌમુખજીના બિંબો છે. જેમ જેમ ઉપર જઇએ તેમ માર્ગ સાંકડો થતો જાય છે અને માનવની સામાન્ય જાડાઈ કરતાં પણ જેનું શરીર વધુ સ્થૂલ હોય તે એ ચોથે માળે ભાગ્યે જ જઇ શકે તેવું છે. ચાર મજલાવાળું આવું રમણિય દેવાલય આ એક જ છે. બાંધણીમાં પણ કેટલાક અંશે રાણકપુરને મળતું આવે છે. સ્થંભો પરની કારીગરી અને વિશાળ ભૂમિગૃહ એ વાતની સાક્ષી પૂરે છે. એક ભાગ ઉપર અથવા તો જેને પ્રવેશદ્વાર કહીયે તે તરફ કામ અધૂરું રહેલ છે. જ્યારે રાજસ્થાનમાં વિખરાયેલ આવા મનોરમ સ્થાનો ઉપાસકોની વસ્તીવિહૂણા કેવળ પૂજારીના ભરોસે સચવાતા જોઇએ છીએ, ત્યારે એક તરફ જેમ કાળની કરાળતા માને ચઢતી પાછળ પડતીનો કુદરતી કાનૂન ચક્ષુ સામે તરવરે છે તેમ બીજી તરફ સાથોસાથ પૂર્વજોએ સર્જાવેલ આવા અપૂર્વ ધામ અંગે આપણી ઉપેક્ષાવૃત્તિ પણ આંખે ચઢે છે. સમયના વહેણુ બદલાય એને હાથ ન દેવાય, પણ એ સાથે દેશકાળના એંધાણ પારખી આવા મહત્ત્વના ધામોને યોગ્ય સંભાળના અભાવે વિનાશના મુખમાં પણ ન જવા દેવાય. અલબત, એના સંરક્ષણ પાછળ એકાદી કેન્દ્રસ્થ સંસ્થા જોઇએ અને એના હાથમાં હજારોની આવક પણ જોઇએ. જૈન સમાજ માટે આ અશક્ય નથી. જો તીર્થંકર પ્રભુનો બોધ યથાર્થરૂપે ગળે ઉતર્યો હોય તો સહજ જાણી શકાય કે "જિનપ્રતિમા જિન સારિખી" એ જેટલું સાચું છે તેટલું જ સાચું એ પ્રતિમા જ્યાં જ્યાં હોય ત્યાં પૂજનીય ને વંદનીય છે એ કથન પણ છે. આજે તો આવકના અભાવે આવા ધામોમાં ઉપકરણ અને સંરક્ષણના સાધનોની તાણ હોય છે જ્યારે મુંબઈ, અમદાવાદ જેવા મોટા શહેરોમાં પૂજા–આંગી આદિ નિમિત્તો અને અન્ય ધાર્મિક ઉત્સવરૂપે પાણી માફક પૈસો ખરચાય છે. ઉપરના ઉલ્લેખ પાછળ જરા પણ ટીકાનો આશય નથી. કેવળ ભાવના વિવેકપૂર્વક ધન વાપરવાની છે. જ્ઞાની ભગવંતોએ જીર્ણોદ્ધારમાં નવીન દેવાલય કરતાં આઠગણું પુન્ય દર્શાવેલ છે એ પાછળનું રહસ્ય પિછાનવાની અગત્ય છે. આજે શ્વેતઆરસથી, કિંવા સુંદર ચિત્રામણથી શોભતા અને ચાંદી મઢેલા કમાડથી અલંકૃત કરાયેલા દેવમંદિરો મોટા શહેરોમાં જોવા મળશે, પણ નહીં હોય એની આસપાસ નિવૃત્તિજનક વાતાવરણ કે નહીં હોય કોઈ ઇતિહાસની શૃંખલા ! આમ છતાં એ ઉપર મમત્વને લઈ જો હજારો ખરચાતા હોય તો, ઉપર વર્ણવેલ વિનાશના મૂખમાં હડસેલાઈ રહેલ વારસા માટે કંઈ પણ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપાય એ કેવા પ્રકારની ભક્તિ લેખાય? ખરી વાત તો એ છે કે વિપુલ ધન ખરચીને પણ આબૂ, રાણકપુર કે કુંભારીઆજીના પ્રાસાદોને ઊભા રાખવા જ પડશે. જેસલમેર, કાપરડાજી કે રાતા મહાવીરજી ભલેને અટુલા પડ્યા હોય પણ એ માટે પૂરતા સંરક્ષણની જોગવાઈ કરવી જ પડશે, તો જ આજે ઉપધાન કે છ'રી' પાળતા સંઘ અંગે વપરાતી લક્ષ્મી શોભશે. દેવદ્રવ્યની વૃદ્ધિના આંકડા મોટા વાંચવામાં આવે છે પણ એમાંથી આવા ધામોમાં કંઈ પણ રકમ ન અપાતી હોય તો એ વૃદ્ધિ ભડકામણી ગણાય.

આ ધામ જોધપુર રાજ્યના બિલાડા પરગણામાં આવેલ છે. જોધપુરથી બત્રીશ માઈલ દૂર છે. બસ સર્વિસ છે. વિક્રમની સત્તરમી સદીમાં અહીં પાંચસો ઘર તો નર્યા ઓસવાળ ભાઈઓના હતા. પૂર્વકાળે તો એથી પણ વધુ સારી જાહોજલાલી હતી એમ સંભળાય છે. અહીં ભૂમિમાંથી પ્રગટ થયેલ અને એ ઉપરથી ખ્યાતિ પ્રામેલ શ્રી સ્વયંભૂપાર્શ્વનાથનું ચમત્કારિક દેવાલય છે. ભાનુમલજી ભંડારીએ બંધાવેલ છે. વિશાળ ધર્મશાળા ને ફરતા કિલ્લા વચ્ચે આવેલ છે. પંચાણુ ફુટની ઊંચાઈવાળું છે. મૂળનાયકની મૂર્તિ નીલવર્ણી છે. કહેવાય છે કે એક કુમારિકાને સ્વપ્ન આવ્યા પછી બોરડીના ઝાડ નીચે દૂધ ઝરતી ગાયના બનાવસ્થાને ખોદતાં ત્રણસો વર્ષ પૂર્વે ભંડારીજીને ચાર મૂર્તિઓ મળી આવી. વળી એની પ્રાપ્તિ પછી ભંડારીજીના શીરે આવી પડેલ એક સંકટ પણ દૂર થયું હતું. ચારમાંના શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથને અહીં પધરાવી બાકીની ત્રણ મૂર્તિઓ સોજત, પીપાડ અને જોધપુરના જૈન મંદિરામાં સ્થાપન કરવામાં આવી. પૂર્વે અહીં ગ્રામવાસીઓ તરફથી જીવહિંસા થતી તે સર્વ બંધ કરાવી પુનઃ જીર્ણોદ્ધાર કરાવવાનું શ્રેય સ્વર્ગસ્થ આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજીના ફાળે જાય છે. સં. ૧૯૭૫માં મૂળ બિંબ ઉપરાંત ખંભાત–અમદાવાદથી ૧૭ બિંબ આણેલા તે પ્રતિષ્ઠિત કરાયા. મહા શુદ ૫ નો મેળો ભરાય છે. પીપાડવાસી ભાઈઓની દેખરેખ છે, પેઢી છે, જોઈતી સામગ્રી મળી શકે છે, સ્થળ આનંદજનક છે. આવા સ્થળોમાં યાત્રાળુઓના અવારનવાર આગમન થતાં રહે અને અવારનવાર આયંબિલની ઓળી કિંવા પરિષદ કે કમિટીની બેઠક થતી રહે તો, તીર્થને આવક થાય અને સમાજના હજારો ભાઈ–બહેનોને દર્શન–પૂજનનો લાભ પ્રાપ્ત થાય.

कर्पूरधूलीरचितालवालः, कस्तूरिका कुंकुमलिप्तदेहः ।
सुवर्णकुंभैः परिषिच्यमानो निजं गुणं मुञ्चति किं पलांडुः ॥

( ઉપજાતિ )

દે કસ્તુરી કુંકુમ લેપ ઘાટો, કર્પૂર ક્યારો કરી માંહિ હાટો;
સીંચો લઇ કાંચન કુંભ કોડે, દુર્ગંધ શું ડુંગળી તોય છોડે?

For Private And Personal Use Only

# જૈન સાહિત્યનો ઈતિહાસ

લેખક : શ્રી દલસુખ માલવણિયા

## આચારાંગ સૂત્ર

('જૈન સાહિત્યનો ઇતિહાસ' એ નામથી અનેક વિદ્વાનોના સહકારથી જે યોજના ચાલે છે, અને જેના આગમિક સાહિત્ય સંબંધી લગભગ ૧૫૦૦ પાનાનો પ્રથમ ખંડ તૈયાર થઈ રહ્યો છે, તેમાંના અંગ સાહિત્યપરિચયનું સંક્ષિપ્તરૂપ મુનિશ્રી આઈદાનજી મહારાજ 'શ્રમણ'માં આપે છે. તેના મૂળ લેખક પં. શ્રી દલસુખ માલવણિયા છે. તે સંક્ષિપ્ત હિન્દી ઉપરથી ગુજરાતીમાં અનુવાદ કરી 'આત્માનંદ પ્રકાશ'ના વાંચકો આગળ અહીં તે અનુવાદ રજૂ કરવામાં આવે છે. વાંચકોને જૈન અંગસાહિત્ય વિષે આમાંથી સારી માહિતી મળશે. આ અનુવાદ માટે તેના મૂળ લેખક, સંક્ષિપ્તકાર, તેમજ 'શ્રમણ' માસિકના અમે ઋણી છીએ. અનુ.)

ભારતીય ભાષા અને લિપિથી અજાણ એવા આધુનિક વિદ્વદ્ જગતને આચારાંગ સૂત્રનો સર્વપ્રથમ સંપૂર્ણ પરિચય કરાવવાનો યશ ડૉ. જેકોબીને ફાળે જાય છે. તેમણે આ સૂત્રનું રોમન લિપિમાં સંપાદન કરીને તેનો અંગ્રેજી અનુવાદ કર્યો. સામાન્ય પરિચય ડૉ. વેબરે "જૈન સાહિત્યનો ઇતિહાસ"માં (ઈ. સ. ૧૮૮૩) આપ્યો હતો, પરંતુ શબ્દશઃ અંગ્રેજી અનુવાદ તો ડૉ. જેકોબીએ જ કર્યો હતો. તે પછી જૈનેતર વિદ્વાનોનું ધ્યાન આ ગ્રન્થ તરફ ગયું, જૈન વિદ્વાનોમાં તો જ્યારથી તે લખાયું છે ત્યારથી તેના પઠન-પાઠનનો ક્રમ અવિરત ચાલુ જ રહ્યો છે.

નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુએ આચારાંગ સૂત્રને 'ભગવાન' તેમજ 'વેદ' એવા નામથી નવાજ્યું છે. આચારાંગ સૂત્રની આ મહત્તાની ચર્ચા કરતાં તેમણે કહ્યું છે કે તીર્થપ્રવર્તનમાં આચાર સર્વપ્રથમ છે, બાકીના અગિયાર અંગ તેની પછી છે. તેનું કારણ એ છે કે તેમાં મોક્ષના ઉપાયની વિચારણા છે અને આખા પ્રવચનનો સાર પણ મોક્ષ જ છે.

આચાર્ય ભદ્રબાહુ, ચૂર્ણિકાર અને આચાર્ય શીલાંક આ બાબતમાં એકમત છે કે બાર અંગોમાં આચારાંગનો ઉપદેશ અને ગ્રન્થરચના સર્વપ્રથમ થયેલ છે. પરંતુ આવશ્યક ચૂર્ણિમાં તેનાથી વિપરીત મતનો નિર્દેશ છે. તે મત પ્રમાણે તીર્થંકરે પહેલા 'પૂર્વોના' અર્થનો ઉપદેશ આપ્યો છે, પરંતુ ગણધરોએ આચારાંગની સૂત્રરચના પ્રથમ કરી છે. બીજા મત પ્રમાણે પૂર્વોનો ઉપદેશ અને પૂર્વોની સૂત્રરચના એ બન્ને પહેલા થયાં છે પરંતુ સ્થાપનની દૃષ્ટિએ આચારાંગને સર્વપ્રથમ સ્થાન મળ્યું છે. આ મતભેદોને આધારે એટલું તો સ્પષ્ટ રીતે કહી શકાય કે સમગ્ર આગમોમાં આચારાંગ વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

આચારાંગનો પરિચય નન્દીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં આપવામાં આવ્યો છે. નન્દીસૂત્રમાં આપેલ પરિચયની અપેક્ષાએ સમવાયાંગ સૂત્રમાં આપેલ પરિચયમાં કેટલાક વિશેષણો વધારે છે પરંતુ બે શ્રુતસ્કન્ધ, તેના પચ્ચીસ અધ્યયન, પંચ્યાશી ઉદ્દેશો, અને અઢાર હજાર પદ—આ બાબતો અંગે બન્ને વાચનાઓમાં કોઈ ભેદ નથી. આચારાંગમાં મુખ્યત્વે સાધુઓના આચારનું વર્ણન છે એ વાતમાં બન્ને વાચના એકમત છે, એટલું જ નહિ પણ અકલંકકૃત 'રાજવાર્તિક,' 'ધવલા' અને 'જયધવલા'માં પણ એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે 'આચારાંગ સૂત્ર'માં મુનિધર્મનું વર્ણન છે.

આચારાંગ સૂત્ર બે શ્રુતસ્કંધમાં વહેંચાયેલું છે. મૂળ આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કન્ધ સુધીનું જ છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ પછીથી તેની સાથે દ્વિતીય શ્રુતસ્કન્ધ જોડવામાં આવેલ છે. અહીં તહીંથી પદ્ય અથવા પદ્યાંશો એકત્ર કરીને ગદ્યની વચ્ચે રાખવામાં આવ્યા છે, અને આચારના નિયમનું નહિ પણ આચાર ઘડતરના આધારભૂત મૂળ સિદ્ધાન્તોનું જ ઉપનિષદ્ જેવી સૂત્રાત્મક શૈલિમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. દ્વિતીય શ્રુતસ્કન્ધમાં તો આચારના નિયમોની વ્યવસ્થિત ગણના કરવામાં આવી છે.

આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધની શૈલીની સરખામણી ઐતરેય બ્રાહ્મણ, કૃષ્ણ યજુર્વેદ ધર્મસૂત્ર, અને ઉપનિષદોની શૈલી સાથે કરી શકાય. તેમાં ગદ્ય અને પદ્યનું મિશ્રણ છે. સૂત્રશૈલીની જે વિશેષતા છે—થોડામાં ઘણું કહેવાની—તે જ આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધમાં જોવા મળે છે. ઉપરાંત ઉપનિષદો જેવું અર્થગાંભીર્ય પણ આચારાંગસૂત્રના પ્રથમશ્રુતસ્કન્ધની ભાષામાં છે.

જેમ ઉપનિષદોની ભાષા એ વૈદિક સંસ્કૃત અને શિષ્ટસંસ્કૃતની વચ્ચેની કડી સમાન છે તેમ આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધની ભાષા જૂની પાલિ અને પ્રાકૃતની વચ્ચેની કડી સમાન છે. બીજા આગમોમાં તેમજ બીજા પ્રાકૃત ગ્રન્થોમાં પ્રાકૃત ભાષા પોતાના વિકસિત સ્વરૂપમાં જોવા મળે છે પણ આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધની ભાષામાં આગમોની પ્રાકૃત ભાષાનું સૌથી પ્રાચીન રૂપ જળવાઇ રહ્યું છે. આ શ્રુતસ્કન્ધની ભાષાની સરખામણી જો કોઇ આગમસૂત્ર સાથે કરવી હોય તો અમુક અંશે સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કન્ધની ભાષા સાથે કરી શકાય. આર્ષ પ્રાકૃતના અધિકરૂપો આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધમાં મળે છે. આ તેની પ્રાચીનતાનો પુરાવો છે.

આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના બધા અધ્યયનોનું સામાન્ય નામ 'बंभचेराइं' છે એટલે કે તે બધાને બ્રહ્મચર્ય સંબંધી અધ્યયન કહ્યાં છે. આ નામથી ધર્મસૂત્રના બ્રહ્મચર્ય આશ્રમ, ઉપનિષદોના પ્રતિપાદ્ય બ્રહ્મ અને બૌદ્ધોના બ્રહ્મવિહારની યાદ આવે છે, પરંતુ તેમાં જે ભેદ છે તે લક્ષ્યમાં લેવો જરૂરી છે. ધર્મસૂત્રમાં બ્રહ્મનો મુખ્ય અર્થ છે 'વેદ' કે 'જ્ઞાન' અને જ્ઞાન તેમજ જ્ઞાનપ્રાપ્તિની ચર્યાનું નામ છે બ્રહ્મચર્ય. ઉપનિષદોમાં બ્રહ્મનો અર્થ વિશ્વનું એક મૂળ તત્ત્વ અથવા આત્મતત્ત્વ એવો થાય છે. તેની પ્રાપ્તિ કે સાક્ષાત્કારની ચર્યા તે બ્રહ્મચર્ય. બૌદ્ધોમાં મૈત્રી, પ્રમોદ, ઉપેક્ષા અને કરુણા એ ચાર ભાવનાઓમાં વિચરણ કરવું—તેને બ્રહ્મવિહાર કહેવામાં આવે છે. જ્યારે આચારાંગસૂત્રમાં બ્રહ્મ એટલે સંયમ અને સંયમનું આચરણ તે બ્રહ્મચર્ય એમ માનવામાં આવ્યું છે. જૈન દૃષ્ટિએ અહિંસા, સમભાવ અથવા સમત્વની સાધનાનું જ બીજું નામ સંયમ છે.* આ જ સામાયિક કે સમભાવની સાધના છે.× આ સમત્વને ગીતામાં 'યોગ' નામ આપવામાં આવ્યું છે અને તે જ બ્રહ્મ છે. આત્મૌપમ્ય દૃષ્ટિ સમભાવ કે અહિંસાની સાધનાના મૂળમાં રહેલી છે, આ સત્ય સમાનરૂપે આચારાંગ તેમજ ગીતામાં સ્વીકારવામાં આવ્યું છે. ગીતાની ભાષામાં કહી શકાય કે આચારાંગસૂત્ર 'સામ્યયોગ'નું પ્રતિપાદક છે.

નિર્યુક્તિકારે આચારાંગસૂત્રને બધા અંગોના સારરૂપ કહ્યું છે, તે સંપૂર્ણ રીતે યોગ્ય છે. સર્વ સમન્વયની દૃષ્ટિએ એમ કહી શકાય કે બ્રહ્મ શબ્દને વૈદિક, જૈન અને બૌદ્ધ એ બધાએ પ્રશસ્ત શબ્દના રૂપમાં સ્વીકાર્યો છે અને તેનો ઉપયોગ પોતાને માન્ય અર્થમાં કર્યો છે. આ હકીકતથી બ્રહ્મ શબ્દની પ્રાચીનતા અને વ્યાપકતા સિદ્ધ થાય છે. આચારાંગને નિર્યુક્તિકારે વેદ પણ કહ્યો છે. આ પણ સર્વસમ્મત વ્યાપક શબ્દોને પોતાના માન્ય અર્થ માટે ઉપયોગમાં લેવાની પ્રક્રિયાનું સૂચક છે.

અનુ૦ કા. જે. દોશી.

---

* સ્થાનાંગસૂત્ર ૪૨૯-૩૦, સમ૦ ૧૭.

× આવશ્યકસૂત્રનું સામાયિક અધ્યયન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુક્તિ સંબંધી જીવો

લેખક : મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

સર્વ જીવો સ્વરૂપે એક સરખા ચિદાનંદરૂપ પરમેશ્વર છે. પરંતુ આ અનંત વિચિત્રતાઓ, અનંત વિડંબનાઓ દરેક પ્રાણિનાં પોતપોતાનાં કર્મ સંબંધી બલ પ્રમાણે સર્જાઈ છે ને સર્જાય છે. (સમગ્ર ભવચક્ર વિવર્તકાર્મિક ચક્ર પર આશ્રિત છે.) (૧)

સર્વ પ્રાણિઓનું આનન્તરતત્વચિત્તરત્ન એક જ છે. (બધાં જીવન્ત શરીરોમાં એક જ સ્વરૂપનું ચેતન તત્ત્વ છે.) શાન્તભાવથી અન્તર્દૃષ્ટિએ જો. એથી તને અભેદ દર્શન થશે અને એનાં ફ્લો તારામાં આત્મભાવ પ્રગટાવશે. (૨)

પૌદ્ગલિક જીવ પોતપોતાના કર્મ પ્રમાણે અનાદિ કાલથી નવાનવા શરીરને ધારણ કરી કર્મબંધન કરતો નવાનવા કર્મબન્ધોથી પોતાને લપેટતો વિચિત્ર ભવોમાં દુઃખરૂપ ભ્રમણ કરી રહ્યો છે. (૩)

પૌદ્ગલિક સુખના રસ પાનમાં ડૂબેલો પ્રાણી મોહાવરણને લીધે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને એથી જ એ નાનાવિધ કલેશોથી દુઃખી છે. એમાંથી છૂટવાનો માર્ગ એણે પોતે જ સાધવાનો છે. અન્ય કોઈ સાધી આપવાને શક્તિમાન નથી. (૪)

નથી કોઈ નરકમાં લઈ જનાર કે નથી કોઈ સ્વર્ગ આપનાર તેમજ કોઈ ભવચક્રમાંથી પ્રાણીને છૂટો કરનાર પ્રાણી પોતાના જ કર્મે બંધાય છે. પોતાના જ પુરુષાર્થથી છૂટો થાય છે. તેમજ પોતાની જ કરણી અનુસાર સારી કે ખરાબ ગતિમાં જાય છે. (૫)

આત્મા જુદા જુદા છે કેમકે તો જ વ્યવસ્થા શક્ય છે. એટલે શરીરે શરીરે આત્મા જુદો છે. અને સ્વશરીર માત્રમાં જ વ્યાપ્ત છે. એ સ્વ સ્વરૂપે અનંત ચિદ વીર્યસ્વરૂપ છે. એ પોતાની યથાવિધ દશાથી કર્મો બાંધે છે અને ભોગવે છે. જીવ સ્વયં કર્મ બાંધે છે અને ભોગવે છે. ઈશ્વરનો કોઇ સંબંધ નથી. એમાં કર્તૃત્વ ધરાવે છે એવો કોઈ ઈશ્વર નથી. (૬)

કર્મના આવરણોથી પૂર્ણ મુક્તિ તે જ મુક્તિ છે. મોહ અવિદ્યા એ આત્માના બંધન, એનાથી છૂટવું મુક્તિ છે. કર્મના બંધનો થતા અટકે, પૂર્વબંધન ક્ષીણ થાય, ચારિત્રના બલથી મુક્તિસ્થાન મળે છે. (૭)

આત્માની પૂર્ણ શુદ્ધિને મુક્તિ કહે છે. શરીરસંબંધ છૂટી જાય છે ત્યારે અમૂર્તદશામાં આવે છે. જ્યાં શરીર ઇન્દ્રિયો, અન્તઃકરણ, કંઈ નથી, માત્ર અનંત સચ્ચિદાનંદવીર્યમય આત્માની એ પૂર્ણ સ્વભાવ સ્થિતિ છે. આત્માની એ શાશ્વત, અચલ, અક્ષય, અવ્યાબાધ, કલ્યાણમય સ્થિતિ એ જ એની મુક્તિદશા છે. (૮)

મુક્ત થયેલ આત્માનું ફરી સંસારમાં અવતરણ થતું નથી. થાય તો તે મુક્તિ નથી. મુક્તિ સિવાય ઈશ્વરનું ઈશ્વરપણું નથી, બીજો કોઈ ઇશ્વર નથી. (૯)

વિરાગ ભાવપોષક ચિત્તશોધનપરાયણ અને સંયમયોગવિભૂષિત એવું નિર્મલ ચારિત્ર ધરનાર જ્ઞાનીની મુક્તિ થાય છે. (૧૦)

આન્તરિક દોષ (કામ, ક્રોધાદિ) મોટા શત્રુઓ છે. તેને જીતનાર વિજેતા ઇન્દ્રિયજય શુદ્ધ મનવાળો બની કષાયોથી મુક્ત થનાર પરમાત્મભાવને પ્રાપ્ત કરે છે (૧૧)

જ્યાં જ્યાં રાગદ્વેષાદિ મલ દૂર થાય તેમ વર્તનાર પ્રવર્તનાર મુક્તિને મેલવે છે, બાહ્ય ઐહિક સુખની લાલસાથી દૂર રહે છે. (૧૨)

મોક્ષસાધનોમાં એનું નામ સમ્યક્ત્વ. સમ્યગ્દર્શન એ માર્ગને બરાબર જાણવો. સમ્યગ્જ્ઞાન એ માર્ગ પર ચાલવું, સમ્યક્ચારિત્ર એ ત્રણેનો સહયોગ એ મોક્ષમાર્ગ. (૧૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્દિચ્છા મેળવો !

લેખક–શ્રી માલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

સદ્દિચ્છા એટલે સમુચિત રૂડી ઇચ્છા. એવી રૂડી સદ્દિચ્છા જો આપણે કોઈ પાસેથી મેળવવી હોય તો આપણે તેવી જ રૂડી સદ્દિચ્છા બીજાને આપવી પડે. આપણે કોઇનું ભલું કરીએ અને તે તદ્દન નિર્દોષ હોય, એના બદલાની જરાપણ આકાંક્ષા ન હોય ત્યારે એવી સદ્દિચ્છાના બદલામાં આપણને તેના આશીશ અને સદ્દિચ્છા આપોઆપ મળી રહે છે.

આશીશ કોઇ માતા પિતા પુત્રને આપે કે ગુરુ શિષ્યને આપે, કોઇ વડીલ માણુસ બાળકને આપે એટલો જ તેનો અર્થ મર્યાદિત નથી. કોઇપણ માણસ બીજા માણસનું ભલું કરે ત્યારે તેના અંતઃકરણમાં સદ્દિચ્છા પ્રગટ થાય એ સ્વાભાવિક રીતે થાય છે જ. એના માટે પ્રયત્નની જરૂર હોતી નથી. એ મનુષ્યનો તો શું જીવમાત્રનો સ્વભાવ છે. આપણે બીજાનું ભલું કરતા રહીએ ત્યારે આપણા માટે સદ્દિચ્છાનો સમૂહ ભેગો થતો જ રહે છે. એકાદ જાનવરને પણ આપણે ખવરાવીએ, પ્રેમથી એના અંગ ઉપર હાથ ફેરવીએ ત્યારે એ જાનવરની લાગણી પણ આપણા માટે સદ્દિચ્છાની ભાવના પ્રગટ કર્યા વગર રહેતી નથી. ક્રૂર અને જંગલી જાનવરોને આપણે સદ્દિચ્છાથી સરળ અને નમ્ર બનાવી શકીએ છીએ. સર્કસ કે એવા ખેલોમાં જંગલી જનાવરોને કેવળ પ્રેમ, લાડ અને સદ્દિચ્છા બતાવીને જ ખેલાડી વશ કરી શકે છે. ત્યારે આપણે આપણું પોતાનું ભલું ચાહતા હોઇએ તો જગતમાં પરોપકારનું કાર્ય અવિરતપણે કરતા રહેવું એ આપણું કર્તવ્ય થઈ પડે છે. સદ્દિચ્છા કે આશીષ મેળવવાનો એ સરળ અને નિર્દોષ માર્ગ છે.

કોઈ એવી શંકા કરે કે આપણે બીજા ઉપર ઉપકાર કરતા રહીએ અને જેના ઉપર ઉપકાર કરીએ એ આપણા માટે જરાએ સારી ભાવના ન બતાવતા ઉલટું આપણું બૂરું કરવા જ પ્રયત્ન કરે તેનું શું ? આપણા માટે થોડી પણ સદ્દિચ્છા કે આશીશની ભાવના જેના મનમાં જરાએ ન હોય તેના ઉપર ઉપકાર કરવાથી શો લાભ ? આના જવાબમાં અમો એટલું જ કહીશું કે, જેના ઉપર આપણે ઉપકાર કરીએ તેની પાસેથી આપણે કાંઇક મેળવવાની અપેક્ષા પહેલાથી જ રાખીએ એ આપણો ઉપકાર કરવાની પદ્ધતિ જ સદોષ છે. એ તો ઝાડ વાવવા પહેલાં જ તેનાં ફળ ચાખવાની અપેક્ષા રાખવા જેવું થાય છે. ફળ પ્રાપ્ત થવાનું હશે ત્યારે થશે, કે નહીં પણ થાય. આપણે તો કાર્ય કરતા જ રહેવું જોઇએ. આપણે આમ દરેક પુણ્ય કરતી વેળા જો પહેલાથી ફળની અપેક્ષા રાખતા રહીએ તો આપણા હાથે સારા કાર્યો થવાનો સંભવ જ ન રહે, ફળની અપેક્ષા એ જ ફળની હાનિ કરનારી વસ્તુ છે. પુણ્ય કાર્ય એ નિરંતર અપેક્ષા રહિત નિષ્કામ જ હોય. અને એવું હોય તો જ એ ફલીભૂત થાય છે. આપણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, જે કાર્ય આપણે કરીએ છીએ તેનું આપણા કાર્યની તુલનામાં આવે તેવું ફળ મળવાનું છે. કૃતિનું પરિણામ કર્મવર્ગણાના પુદ્દગલ–રૂપે સંગ્રહિત થઈ જ જાય છે. આપણા જાણવામાં તે તરત આવી જ જાય એવો નિયમ નથી કારણ એ બધી અપ્રગટ અને અદૃશ્ય સ્થિતિમાં રહેલી વસ્તુ હોય છે. પાપકર્મ હોય કે પુણ્ય કર્મ હોય. એનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાં માઠાં ફળો કાલાંતરે પ્રાપ્ત થયા વગર રહેતાં નથી. આપણને કોઈ વખત અણધાર્યો લાભ થાય છે. એના તાત્કાલિક કારણો આપણા જાણવામાં આવતા નથી. પણ એ આપણા જ કરેલાં કર્મોનું પરિણામ છે, એ ભૂલવું જોઇએ નહીં. આપણે બધાઓનું ભલું જ કરીએ છતાં કોઈ વખત આપણા ઉપર અણધાર્યું સંકટ આવી ઊભું રહે છે ત્યારે આપણને વિસ્મય થાય છે કે, આ બન્યું જ કેમ ? આનું કોઈ દેખીતું કારણ તો જોવા-જાણવામાં નથી, પણ આપણે નક્કી ધ્યાનમાં રાખવું પડશે કે એવી ઘટના કાંઇ આકાશમાંથી પડતી નથી. એ તો પાછળના ગત કાળમાં આપણા હાથે જે અકૃત્ય થયું છે તેનો જ એ પરિપાક છે. વધારે કાળ પછી આપણે વાવેલા વૃક્ષનું જ એ ફળ પાકયું ત્યારે આપણા હાથમાં આવી પડયું છે. આપણે ભલે આપણા સ્મૃતિપટ ઉપરથી તે ભૂંસી નાંખેલું હોય પણ સંચિત કર્મના કોઠારમાં એ સંગ્રહિત થઈ જ ગએલું હતું તેથી જ તે પ્રગટ થયું છે, આંબો વાવ્યો હોય તો જ આંબો મળે. લીંબડો વાવો અને આંબાની અપેક્ષા રાખો એ કેમ બને ? માટે જ અમો કહીએ છીએ કે, નિરંતર બીજા ઉપર સદિચ્છાનો વરસાદ વરસાવતા રહો. તમારા કર્મના કોઠારમાં સદિચ્છા અને આશીશનો જ સંગ્રહ થતો રહેશે. અને એ સદિચ્છા તમારા માટે પણ સદિચ્છાઓ અને આશીશ પેદા કરી તમારું ભલું કરશે.

એક સજ્જન ગૃહસ્થ સામે બીજો માણસ હંમેશ દ્વેષ રાખતો હતો અને એ સજ્જન માણસ સામે અનેક જાતની આપત્તિઓ લાવી ઊભી કરતો હતો. પ્રસંગોપાત બન્નેની મુલાકાત થઇ ત્યારે એ સજ્જન માણસે પેલા ગૃહસ્થને કહી સંભળાવ્યું કે, ભાઈ સાહેબ, હું તમારી સામે કોઈ પણ ખોટી લાગણી બતાવતો નથી, છતાં તમે મારી સામે હંમેશ વિરુદ્ધ ભાવના પ્રગટ કરી કાંઇ ને કાંઈ પેતરા રચ્યા કરો છો, પણ તમારે એ ધ્યાનમાં રાખવું કે, હું તમને મારા સજ્જનપણાથી જીતી લઈશ. એ સાંભળી પેલો ગૃહસ્થ એકદમ ઉશ્કેરાઇને યદ્વાતદ્વા ગાળો ભાંડવા માંડ્યો. એના એવા વચનો સાંભળી પેલા સજ્જન ગૃહસ્થે ઠંડે કલેજે જવાબ આપ્યો :—

दददु दददु गालिर्गालिमन्तो भवन्त: ।
वयमिव तदभावात्तेऽपि दानेऽप्यशक्ता: ॥

એટલે ભાઈ તમે ગાળોની ખૂબ કમાણી કીધી છે. તેથી તમારી પાસે તેનો ખૂબ સંગ્રહ છે, માટે જ ગાળો આપી શકો છો, તો ભલે તમે તે આપી શકો તેમ છો. અમારી પાસે તેનો પૂરેપૂરો અભાવ હોવાથી અમે તે આપી શક્તા નથી. તે માટે હું નિરુપાય છું. આમ સાંભળ્યા પછી એ ભાઇ તો તદ્દન આભા જ બની ગયા અને પોતાની કૃતિનો તેમને પશ્ચાત્તાપ થવા માંડ્યો. એ ઊપરથી ફલિત થાય છે કે, આપણે ગમે તે પરિસ્થિતિમાં પણ બીજા માટે સદિચ્છા જ રાખવી જોઇએ. એનું પરિણામ શું આવે છે એની ફીકર આપણે કરવાની નથી. ફલનિષ્પત્તિ કાર્યની સાથે જોડાએલી જ હોય છે તેની જુદી માગણી કરવાની જરૂર હોતી નથી. ભગવદ્‌ગીતામાં પણ જણાવ્યું છે કે—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

તમારો અધિકાર કર્મ અર્થાત્ સત્કર્મ કરતા રહેવાનો છે. ફળની તમારે અપેક્ષા રાખવાની નથી. ભલું જ કર્યા આવવાથી નિરાંતે ઊંઘ આવે છે. પણ કોઇનું ખોટું કરી આવવાથી નિરાંતે ઊંઘ આવવાની નથી. કોઇપણ હેતુ કે આશા રાખ્યા વિના સદુપદેશ સાંભળવાથી ખોટી ભાવના જાગૃત થશે નહીં, પણ સારી જ લાગણી પેદા થશે. તેમ અહેતુકપણે પણ ચોર, જાર કે લુચ્ચાઓના સહવાસમાં સદ્‌બુદ્ધિ જાગવાની નથી.

બીજાઓ ઉપર ઉપકાર કરી સદિચ્છા અને આશીશ આપતા રહેવાથી આત્માને સદિચ્છાની અથવા શુભ ભાવનાની ટેવ પડી જાય છે. અને એવી પરંપરા ચાલુ રહેતા કોઈનું ભુંડું કરવાની ઇચ્છા જાગતી નથી. આત્માને આ ભવપાશમાંથી મુક્ત થવાનો એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધોરી માર્ગ છે. અને એ માર્ગે કોઈ પણ માણસ સ્હેજે પ્રયત્ન કરી શકે છે. એ માર્ગે જવા માટે કોઈ જાતના દ્રવ્યના વ્યયની જરૂર નથી, કે મોટી વિદ્વત્તાની જરૂર નથી. એ માર્ગ એટલો સુલભ છે કે, ધારે તો દરેક માણસ એ આચરી શકે. ત્યારે આપણે એ કેમ ન આચરી શકીએ?

કોઇક માણસો એવા પણ હોય છે કે, તેઓ ધન, સત્તા કે જ્ઞાનના મદથી ફુલાઈ જાય છે. તેઓ પોતાને સામાન્ય મનુષ્યોથી ઊંચા માની પોતાની તુમાખીમાં રહી બીજાઓને તુચ્છ અને હલકા ગણે છે. એવા મનુષ્યો બીજાઓને સદિચ્છા કે આશીશ આપી શકતા નથી. અને તેથી જ તેઓ બીજાની સદિચ્છા મેળવી શકતા નથી. એવી અહંકાર વૃત્તિ એમના માટે ઘણી નુકસાનકારક નિવડે એ દેખીતી વાત છે. તેઓ ઉન્માદની ગર્તામાં ગબડી પડે છે. એમની પાસે સદિચ્છા પ્રાપ્ત કરવાના પૂરેપૂરા સાધનો છતાં તેઓ તેનો ઉપયોગ કરી શકતા નથી, છતે ધાન્યે ભૂખે મરવા જેવો પ્રસંગ તેમની ઉપર આવી પડેલો હોય છે. ધનવાન માણસ માને છે કે, બધાઓ મારા કરતાં હલકા હોવાથી તેઓ મારી હાજરીમાં રહી મારા ગુણગાન જ કર્યા કરે. મને કોઈની ઉપર ઉપકાર કરવાની શી જરૂર છે? સત્તાધારી માણસ તેથી પણ આગળ વધી સત્તાનો કોયડો દરેક ઉપર વીંઝ્યા જ કરે છે. એનો ઉન્માદ પરાકોટી ઉપર જઈ પહોંચેલો હોય છે. એને સદિચ્છાની જરૂર ક્યાંથી જણાય? એને અન્યનું ભલું કરવાની ઈચ્છા પણ કેમ જાગે? એવી રીતે એના આત્માની પ્રગતિ કુંઠિત થઈ જાય એમાં જરાએ સંદેહ નથી. તેમજ જ્ઞાનનો પણ મદ ચઢી જાય છે. જ્ઞાનની પાછળ વિનય કે વિરતિ ન હોય તો જ્ઞાન પણ ઉન્માદનું કારણ બની જાય છે. એવો જ્ઞાની–વાસ્તવિક જોતાં અજ્ઞાની–માણસ બધાઓના આદરને નહીં પણ અનાદરને પાત્ર થાય એમાં જરાએ શંકા નથી. એના કરતાં તો તદ્દન અજાણ ઘણી વખત ચઢી જાય છે. કારણ એની પાસે વિનય, નમ્રતા અને સરળતાનો ગુણ મોટા પ્રમાણમાં અનાયાસે સંગ્રહિત થએલો હોય છે. અને આત્માની સાચી ઉન્નતિ માટે એની આવશ્યકતા હોય છે. આપણે હંમેશ સદિચ્છા અને આશીશ મેળવતા રહીએ એવી સદિચ્છા સાથે વિરમીએ છીએ.

❋

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां परम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलब्धाः स्वयमेव संपदः ॥

લાંબો વિચાર કર્યા વિના કંઇ પણ કામ ન કરવું, કારણ કે અવિવેક એ જ પરમ આપત્તિનું સ્થાન છે. જેઓ વિચારીને કામ કરે છે તેમને ગુણલબ્ધ એવી સંપત્તિઓ સ્વયમેવ આવીને વરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# — ગુ રુ ગ મ —

[ ગઝલ ]

જોયું જગત્ અનાદી, રહ્યું શું શોધવું આદી !
જીવન ને જીવકેરી, સરવાળા બાદબાકી ! જોયું

ગુણને ગુણાંક ગણતાં, આદી——અનાદી——સાદી !
રહે શૂન્ય ને—રહસ્યો, છે જાણવાય બાકી ! જોયું

રઝળ્યો અનંત યોની, બાકી ન કોઈ રાખી !
અવતારનો ઘડૈયો, આજેય હોય ખાખી ! જોયું

ચોપટ એ ચોપડામાં, નામો ખતવવાં બાકી !
એના તપાસનારા—કો હોય ? જાય થાકી ! જોયું

ત્હારું ચણેલ મંદિર, ત્હારી ઘડેલ મૂર્તિ—
ખુદ્દ તું છો પૂજારી ! પૂજા કરે તું ત્હારી. જોયું

જીવ-શિવ, પ્રાણ—પ્રભુની, પૂજા ને સાધનાની—
ને પ્રેમ ને પ્રણવની, વાતો સમજવી બાકી ! જોયું

જીવનની જ્યોત જલતી, અદ્વૈતની રસેલી,—
લખ—અલખ ગૂઢ તત્ત્વો, કો બિંદુરેખ આંકી ? જોયું

પસ્યંતિ ને પરાની, અદ્‌ભુત અગમ—નિગમની—
પ્રભુ પામવા કે થાવું ? વાતો સમજવી બાકી ! જોયું

આ હંસલો હસે છે, રહે હંસલી ન રોતી !
મસ્તો ને હાસ્ય રૂદને ! મસ્તી જ સૂઝવાની ! જોયું

વિરાટ વિશ્વ વિલસે, કૈં કૈં ગહન રહસ્યો !
ગૂઢ પામવા ગરજ છે, સંસાર હોમવાની ! જોયું

જડવાદના રચૈયા, ચૈતન્ય જાય ચૂકી !
લાલનની લય મણિમય, ગુરુગમ હજી છે બાકી ! જોયું

—પાદરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સિદ્ધાચળજીનો છ"રી" પાળતો સંઘ

ભાવનગરનિવાસી સ્વ. શેઠશ્રી હઠીસંગ ઝવેરચંદ વોરા આ સભાના વર્ષો સુધી પ્રમુખ હતા. સભાની સ્થાપનામાં તેઓશ્રીનો અગ્રહિસ્સો હતો અને સભાને પોતાનું મકાન કરાવવા માટે પણ તેઓશ્રીએ મુક્તમને આર્થિક સહકાર આપ્યો હતો. ત્યારબાદ પણ વર્ષો સુધી સભાના પેટ્રનપદે રહી, સભાની ઉન્નતિ અને વિકાસ માટે અવારનવાર સલાહ–સૂચન તેમજ સહકાર આપતા રહ્યા હતા. વિ. સં. ૧૯૬૪માં જ્યારે જૈન શ્વેતાંબર કોન્ફરસનું છઠું અધિવેશન ભાવનગરખાતે મળ્યું હતુ ત્યારે અધિવેશનના સ્વાગતપ્રમુખ તરીકે ઉદારદિલથી અધિવેશનનો સર્વ ખર્ચ પોતે ભોગવી લીધો હતો.

તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવરબહેન પણ ધાર્મિક ક્ષેત્રોમાં પોતાની લક્ષ્મીનો સુવ્યય કરી રહ્યા છે, જે અન્ય શ્રાવિકા બહેનોને અનુકરણ કરવા જેવું છે. તેમના પિતાનું નામ લક્ષ્મીચંદભાઇ અને માતાનું નામ મોતીબાઈ હતું. ધોળા પાસે કેરીયા ગામમાં તેમનો વિ. સં. ૧૯૫૦માં જન્મ થયો હતો. સ્વભાવથી મિલનસાર, હસમુખા અને ધાર્મિક વૃત્તિવાળા હોવાથી શ્રી હેમકુંવરબહેન સૌ કોઇને પ્રિય થઇ પડયા છે.

શ્રી સિધ્ધાચળજીની નવાણું યાત્રા કરી લગભગ સાત હજાર રૂપિયાનો સદ્વ્યય કર્યો, તે જ પુનિત ક્ષેત્રમાં ચાતુર્માસ કરી રૂા. છ હજાર સારા કાર્યોમાં વાપર્યા હતા. ભાવનગરખાતે અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર સાથે દરેક દિવસનો જમણવાર કરી રૂા. તેર હજારનો સુવ્યય કર્યો હતો. શ્રી કદંબગિરિ તીર્થમાં એક પ્રતિમાજી પધરાવી રૂા. બે હજાર પેઢીને અર્પણ કર્યા હતા.

તેમણે વારંવાર તીર્થયાત્રાઓ કરી છે અને તેમાં ખાસ કરીને શ્રી કેશરીયાજી તથા સમેતશિખરજી તીર્થની યાત્રા નોંધપાત્ર છે.

જેમ ધાર્મિક ક્ષેત્રમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી રહ્યા છે તેમ તેઓશ્રીને કેળવણી પ્રત્યે પણ એટલો જ પ્રેમ છે અને તેને પરિણામે ભાવનગરની શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગને મકાન બાંધવા માટે રૂા. પચીસ હજારની આર્થિક સહાય કરી છે, જે મકાન હાલ તૈયાર થવા આવ્યું છે.

આશરે ત્રણેક વર્ષ પહેલાં તેમને ગંભીર વ્યાધિ થયેલો ત્યારે તેમણે મનમાં સંકલ્પ કરેલો કે 'આ વ્યાધિમાંથી હું સાજી થાઉં તો ગિરિરાજશ્રી સિધ્ધાચળજીનો છ"રી" પાળતો સંઘ કાઢીશ.' તબીયત સુધરી જતાં કુટુંબીઓ તથા સ્નેહીઓને જણાવીને તાજેતરમાં ફાગણ વદ એકમના રોજ તેઓશ્રીએ ઉપાધ્યાય મહારાજશ્રી ધર્મવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધાચળજીનો છ"રી" પાળતો સંઘ કાઢ્યો હતો, જેમાં કુટુંબીજનો ઉપરાંત ભાવિકોની સારી સંખ્યા હતી. વરતેજ, શીહોર, મઢડા થઇને ફાગણ વદ ૪ના રોજ શ્રી સંઘ પાલીતાણા પહોંચતા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સામૈયું કરવામાં આવેલ. ફાગણ વદ પાંચમના રોજ પ્રાતઃકાળે ગાજતે–વાજતે શ્રી ગિરિરાજની યાત્રા કરી, બપોરના સમયે, ઉપાધ્યાયશ્રી ધર્મવિજયજી આદિની ઉપસ્થિતિમાં શ્રી હેમકુંવરબહેન, વોરા ખાન્તિલાલ અમરચંદ, તેમના ભાણેજ મેતા પ્રભુદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. વોરા હઠીચંદ ઝવેરભાઈના ધર્મપત્ની સુશ્રાવિકા
હેમકુંવર બહેન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્લભજી, મેતા રતિલાલ દુર્લભજી વિગેરેએ તીર્થમાળ પહેરી હતી. સાંજના સંઘના યાત્રાળુ તેમજ સાધર્મિક બંધુઓનું પ્રીતિ–ભોજન યોજવામાં આવેલ હતું.

સભા પરત્વે તેમને ઘણો પ્રેમ છે. જેઠ સુદ બીજના સભાના વાર્ષિક મહોત્સવ પ્રસંગે સદ્દગત શેઠશ્રી હઠીસંગ ઝવેરભાઈએ આપેલ રૂા. ૧૦૦૦) એક હજાર ઉપરાંત સદ્દગતની ભાવના પ્રમાણે આપવાના રૂા. ૧૫૦૦)ની રકમના વ્યાજ તરીકે પ્રતિવર્ષ રૂા. ૬૦) આપે છે, જેના પરિણામે તે શુભ દિને શ્રી તળાજા તીર્થે પૂજા ભણાવી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવે છે.

છેવટે ઇચ્છીએ કે શ્રી હેમકુંવરબહેન આવાં અનેક સુકાર્યો કરવા માટે દીર્ઘાયુષી થાય.

# પ્રો. જ્યૉર્જ અને અનેકાન્તવાદનું મૂલ્યાંકન

વિદેશમાં જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસની જિજ્ઞાસા વધારવાનું અને ત્યાંના વિદ્વાનોને તેનું ઊંડું તત્ત્વજ્ઞાન સમજાવવામાં સાહિત્યરસિક મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ વરસોથી કેટલી જહેમત ઉઠાવી રહ્યા છે તે આપણે સારી રીતે જાણીએ છીએ.

અમેરિકાની એક યુનિવર્સીટીના ફીલોસોફીના એક વિદ્વાન અધ્યાપક જ્યોર્જ બુર્ચ, જેઓ જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને મનન અંગે મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાથે સંપર્કમાં છે, અને ભારતના પ્રવાસ સમયે જેઓ સ્વ. મુનિશ્રી ભુવનવિજયજી મહારાજ તથા મુનિશ્રી જંબૂવિજયજી મહારાજને અમલનેર ખાતે મળ્યા હતા, અને રૂબરૂમાં જૈન તત્ત્વજ્ઞાન અંગે ચર્ચા થતાં જૈન ફીલોસોફીમાં ઠીક ઠીક રસ ધરાવતા થયા હતા, તેઓશ્રી સાથે મુનિશ્રી જંબુવિજયજી મહારાજનો પત્ર—વ્યવહાર હાલ ચાલુ છે અને મુનિશ્રીએ નવકારમંત્ર તથા સ્યાદ્વાદ અંગે કેટલુંક સાહિત્ય પ્રો. જ્યોર્જ ઉપર મોકલ્યું હતું. પરિણામે નવકારમંત્ર અને તેના મહત્ત્વ અંગે તેમજ સ્યાદ્વાદના મહાન સિદ્ધાન્ત અંગે તેઓશ્રીના દિલમાં જે છાપ પડી છે તેનો પડઘો પાડતો એક પત્ર મુનિશ્રી ઉપર આવ્યો છે, જેમાં તેઓશ્રી નવકારમંત્રની શક્તિ અંગે મહત્ત્વનું દૃષ્ટિબિન્દુ રજૂ કરે છે તેમજ આજના વિજ્ઞાન અને તર્કશાસ્ત્રમાં અનેકાન્તવાદ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તેમજ કોઈ પણ વસ્તુના દૃષ્ટિકોણો સમજવામાં અનેકાન્તવાદનું મૂલ્ય કેટલું છે તે વસ્તુ ટૂંકામાં આ પત્રમાં રજૂ કરવામાં આવેલ છે.

વાચકોને રસ પડે તેવો આ પત્ર હોવાથી તે પત્ર એના મૂળ સ્વરૂપમાં અત્રે રજૂ કરવામાં આવે છે.

43, Dougas Road,
Belmont, Massachusetts
March 12, 1959.

Dear Muni Jambuvijay,

I have received the Namaskara Mahamantra which you sent me, together with the enclosed explanatory material-the pronunciation of the

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Mantra, the picture of Tirthankar, the photograph of the Rishabhadeva statue, the photograph of the Amalner Temple, the short printed explanation, the New Year's greeting, the article on Indus Civilization Jainism by Professor Tiwari, your written explanation of the mantra, Sri Mafatlal Sanghavi's typewritten explanation of it, and the Gujarati pamphlet, by Kamalaprasad Jain. This last I cannot read, nor can any of my friends, I can certainly learn to pronounce the mantra very quickly.

I am sure that you appreciate how deeply grateful I am to you, who have already contributed so much to my intellectual advancement, for this concern for my spiritual advancement and for the time and care which you have devoted in preparing the mantra and these explanations for me. I am especially encouraged by your explanation that, although the full power of the mantra becomes manifest only after prolonged meditation on it, its power for purifying the heart is experienced very soon. I thank you very much, and request you to thank Sri Sanghavi for me also.

I take it that this is a universal mantra adapted to the needs of all persons, and that I may teach it to my children also. It might even be more profitable to them, as my children are more advanced spiritually than I am.

In teaching a course on philosophy of Science this year I have been impressed by the way in which contemporary physical theory, especially in optics-and nuclear physics, constantly reverts to the apparent absurdity of the phenomena, that is, the failure of the phenomena to be describable in the terms of ordinary logic. The undulatory theory of light, for example, is somehow alternatively both true and false. The motion of small particles, according to Heisenberg's principle is essentially indeterminate. These views cannot be expressed in accord with ordinary logic, where everything must be either true or false. They remind me strongly, however, of the Anekantavada logic. I wonder whether any attempt has been made to apply Anekantavada to modern physics. It strikes me that this might be a very fruitful project for a person sufficiently competent in both disciplines, and I wonder what you think of this suggestion.

Sd/- George Burch.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાર્ય : સુખી થવાનો ધોરી માર્ગ

જગતમાં સુખી થવાનો કોઈ સર્વમાન્ય અને સામાન્ય સિદ્ધાંત હોય તો તે એ છે કે "સખત કામ કરો! જરા વધુ સખત અને વધુ વખત કામ કરો! બસ કામ કરો!"

એક વ્યાખ્યા એવી છે કે, કામ એ નિવૃત્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે. જેને કામ ન હોય તેને નિવૃત્તિનો આનંદ પણ ન હોય. આપણે કામ એટલા માટે કરીએ છીએ કે કામમાંથી મુક્ત થઈને અવકાશનો આનંદ માણી શકીએ પરંતુ જરા ઊંડો વિચાર કરતાં જણાશે કે આ માન્યતા જીવનવિકાસ માટે બાધક છે, સાધક નહિ; કારણ કે એમાં આપણે કામથી છૂટીને આરામને માટે ઝંખીએ છીએ. જ્યાં કામમાં જ આરામનો આનંદ હોય તેનું નામ જ સાચું કામ, કારણ કે કામમાં કંટાળાનો અંશ પણ ન હોવો જોઇએ.

કાર્યમાં કોઇ પણ જાતના કંટાળાને સ્થાન ન હોવું જોઇએ. કામની સાચી વ્યાખ્યા એ છે, કે સતતવિચાર અને કાર્યવડે સ્વ અને પરના જીવન-પ્રશ્નોને ઉકેલવા એનું જ નામ સાચું કાર્ય. ટૂંકમાં કામ એટલે સામાજિક હિતને માટે પ્રવૃત્તિમાન બનવું. આ પ્રવૃત્તિમાંથી કોઇ માણસ રજાની ઈચ્છા કરે એવી હું કલ્પના પણ કરી શકતો નથી.

રજાનો આનંદ અને દિવસના છ કે આઠ કલાક કામ એ આજના યુવક વર્ગને આડે માર્ગે દોરનારા શબ્દ-પ્રયોગ છે. આ શબ્દ-પ્રયોગ તો મજૂરીમાં જોડાઈ રહેનાર માટે છે. કાર્ય પરત્વે નહિ. કામને સમયનાં બંધન ન હોય. શક્તિની મર્યાદા સિવાય એને કોઈ અન્ય મર્યાદા નથી.

તમે દિવસના આઠ કલાક કામ કરો છો એટલા જ માટે તમે કામ કરી રહ્યા છો એમ પણ માનશો નહિ. હાથ જ્યારે કામ કરી રહ્યા હોય છે ત્યારે મન ક્યાં હોય છે એ વિચારવું પણ જરૂરી છે. હાથ જ્યારે મોટરનું હોર્ન વગાડતો હોય છે ત્યારે કલ્પનાશક્તિ ક્યાં હોય છે?

પાર્સલોની વહેંચણી કરનાર એક માણસે એના કાર્ય વખતે યોજનાઓ ઘડીઘડીને મજૂરોની એક મહાન સંસ્થા ઊભી કરેલી. એક હજામ પોતાના ગ્રાહકોનું કામ કરતાં કરતાં ભૂસ્તર-વિદ્યા શીખી ગયો અને જમીનની અંદર રહેલાં તેલ-પેટ્રોલના સંશોધનના કાર્યમાં પારંગત થઈ ગયો.

જિંદગીનાં ઘણાં કામો એક કામ પૂરું થયા પછી જ સંપૂર્ણ થાય છે. એક પ્રખ્યાત ડચ નિસર્ગ-વૈજ્ઞાનિક એક વેપારીની ઑફિસમાં કામ કરતો હતો પણ તેણે કદી અસંતોષ જાહેર કર્યો ન હતો. રાતના વખતે જ્યારે તે પોતાની ઑફિસ છોડતો ત્યારે દૂરબીનના કાચ ઘસવાનું કામ કરતો. એ નાનાં કાચોમાંથી તેણે અદૃશ્ય દુનિયામાં દૃષ્ટિ કરી અને જંતુ-વિજ્ઞાન શોધી કાઢ્યું. પછી તો એ જ એનું કામ થઇ પડયું. જિંદગીના અંત સુધી તે એ જ કાર્યમાં મંડાઇ રહ્યો.

આરામ અને ફુરસદના સમયમાં કદી આત્મસિદ્ધિની પ્રાપ્તિ થતી નથી. એ તો સતત કાર્યશીલતા, સહનશીલતા અને શિસ્તમાં જ રહેલી છે.

બુદ્ધિ અને શક્તિનાં બળો ગૌણ છે. મહેનત એ જ મુખ્ય બળ છે. એક માણસ જે ખેતર ખેડીને તેમાં બીજ વાવે છે તેને માટે લણણી કરવાનો વખત તો જેમ રાત્રિ પછી દિવસ ચાલ્યો આવે છે તેમ અવશ્ય આવે છે. બુદ્ધિ અને શક્તિ એ બધું સતત કાર્યશીલતા અને તેના નિયમનમાંથી જ ઉત્પન્ન થાય છે.

"ફુરસદમાં ફાવે તેમ કરો."ની મૂઢ અને પ્રેતાત્માને છાજતી નીતિ આત્મસંતોષ અને પરિશ્રમની આવશ્યકતાને નિરર્થક બનાવી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B 431

જે બીજાઓ માટે સહાનુભૂતિ પ્રકટ કરી શકતો નથી તેણે તેમને પ્રભાવિત કરવાની આશા પણ છોડી દેવી જોઇએ.

—એસ. આઈ પ્રાઇમ

× × ×

એક સજ્જન વ્યક્તિનો એક જ શબ્દ અથવા એક જ વાર એના મસ્તકનું ડોલવું, બીજાઓના ભારેખમ ભાષણો કરતાં વધુ વજનદાર હોય છે.

—પ્લુટાર્ક

× × ×

અસફળતા એ વસ્તુ તરફ નિર્દેશ કરે છે, કે સફળતા પ્રાપ્ત કરવાનો આપણો નિશ્ચય પૂરેપૂરો દૃઢ ન હતો.

—બોગી

× × ×

જૂઠા લોકો માત્ર સત્યથી જ અસહમત હોય છે એવું નથી, પરંતુ તેઓ પોતપોતામાં પણ ઝગડતા હોય છે.

—ડેનિયલ વેબ્સ્ટર

× × ×

ધર્મોન્માદ એ મિથ્યા આવેશ અને અંધવિશ્વાસનો પુત્ર તથા અસહિષ્ણુતા અને ઉપદ્રવનો પિતા છે.

—ફ્લેચર

× × ×

ભૂતકાળના પોતાના અનુભવ પર જીવવાની કોશીશ કરવી એ મૂર્ખતા છે. વીસ વર્ષ પરના કોઇ કાર્ય કે અનુભવના આધાર પર પોતાની સુરક્ષાનો નિર્ણય કરવાનો સ્વભાવ ઘાતક નહિ તો ખતરનાક તો જરૂર છે.

—સ્પાર્જયન

× × ×

સમયના વિશાળ સમુદ્રમાં પુસ્તકો એ પ્રકાશ-સ્તંભ સમાન છે.

—ઇ. પી. વ્હીપલ

× × ×

હિંસાને તમે સૌથી વધારે શક્તિસંપન્ન માનો છો તો ભલે માનો! પરંતુ એક વાત નિશ્ચિત છે કે હિંસાનો આશ્રય લેવાથી બળવાન વ્યક્તિ પણ સદા ભયભીત રહે છે, જ્યારે બીજી બાજુ અહિંસા ભયનું નામ પણ નથી જાણતી.

—મહાત્મા ગાંધી

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only